# માતાપિતા અને સંભાળકર્તા 2009-2010

**માતાપિતા અને સંભાળકર્તા માટે પુલ-આઉટ ગાઈડ**

**તમારાં બાળકોને તેમની શિક્ષણ અને કારકિર્દી પસંદ કરવામાં માર્ગદર્શન**

**આ માર્ગદર્શિકા શિક્ષણ અને તાલીમના મુખ્ય બદલાવ અંગે માહિતી આપે છે. તમારાં તરુણો તેમનાં માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી શકે તેમાં તમે કેવી રીતે તેમની મદદ કરી શકો છો તે અંગે થોડા વ્યવહારુ સૂચનો પણ તે કરે છે.**

**શિક્ષણ અને તાલીમમાં આવેલ બદલાવ આજના તરુણોને પહેલાં ક્યારેય ન મળ્યા હોય તેવા વધુ વિકલ્પો આપે છે. શું કરવું જોઈએ તેનો વિચાર જ તેમને એક સાથે ઉત્તેજના, મૂંઝવણ અને ચિંતા આપે છે. તમારાં બાળકોને સૌથી વધુ જાણો છો અને આજનો અને આવનારા ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને યોગ્ય વિકલ્પ પસંદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવો છો. પુરાવા દર્શાવે છે કે તરુણો તેમનાં માતાપિતા અને સંભાળકર્તાના વિચારોને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લે છે, ભલે તેમની વર્તણૂક કંઈક બીજુ પ્રદર્શિત કરતી હોય.**

## શિક્ષણ અને તાલીમમાં બદલાવ

**હેતુ**
વૈશ્વિક આર્થિક વિકાસને જોતાં, યુકેનાં યુવાનોને ભૂતકાળ કરતાં વધુ કૌશલ્યની જરૂર છે. બદલાતા સમયની જરૂરિયાતોને પૂરી કરવા માટે શિક્ષણ અને તાલીમમાં પરિવર્તન કરવામાં આવી રહ્યું છે. તેનો હેતુ નીચેના મુદ્દાઓની ખાતરી કરવાનો છેઃ

- બધાં યુવાનો તેમના અભ્યાસ, કામ અને પુખ્ત જીવન માટે જરૂરી કૌશલ્ય વિકસાવે – અંગ્રેજી અને ગણિતનાં સારાં માપદંડ સહિત
- દરેક યુવાન વ્યક્તિને મેળ ખાય તેવા વિકલ્પ છે
- દરેક વિકલ્પ શિક્ષણ દ્વારા પગદંડીઓની પસંદગી અને ત્યારબાદ કાર્ય તરફ દોરી જાય છે.

**જરૂરી કૌશલ્યો**
દરેક શિક્ષણ કાર્યક્રમો અને મોટાભાગની લાયકાતો હવે શિક્ષણ, કામ અને પુખ્ત જીવન માટે જરૂરી કૌશલ્યોને આવરી લે છે. કાર્યકારી કૌશલ્યો એટલે અંગ્રેજી, ગણિત અને ICT એવી વ્યવહારુ આવડત છે જેનો આપણે દરરોજ ઉપયોગ કરીએ છીએ અને હવે સેકન્ડરી અભ્યાસક્રમમાં શીખવાડવામાં આવે છે. કાર્યકારી કૌશલ્ય હવે ડિપ્લોમાનો ભાગ છે અને, સપ્ટેમ્બર 2010થી, તે GCSE અને એપ્રેન્ટિસશીપનો પણ હિસ્સો બની જશે.

**સુધારણા વિકલ્પો**
દરેક યુવાન વ્યક્તિ માટે યોગ્ય વિકલ્પ ઉપલબ્ધ છે તેની ખાતરી કરવાના પગલાંમાં સમાવિષ્ટ છેઃ

- એ યુવાનો માટે નવા શિક્ષણ કાર્યક્રમો અને પગદંડીનો વિકાસ કરે છે જેમને આત્મવિશ્વાસનાં ઘડતર માટે અને મૂળભૂત લાયકાત મેળવવા માટે અતિરિક્ત સહાયની જરૂર હોય
- યુવાનોને ઉચ્ચ અભ્યાસ અને રોજગારી માટે તૈયાર થાય અને જે તે હેતુ માટે સક્ષમ રહે તે માટે GCSE અને A લેવલ જેવી વર્તમાન લાયકાતોનું સશક્તિકરણ કરે છે
- રજુ કરે છે ડિપ્લોમા, એક તદ્દન નવતર લાયકાત. વર્ગખંડ પ્રવૃત્તિઓ અને વ્યક્તિગત અનુભવના સંયોજનથી, આ લાયકાત, દરેક પ્રકારની ક્ષમતાવાળા તરૂણોને લાગુ પડે છે જે વાસ્તવિક જીવન સાથે સંબંધિત વ્યવહારુ જ્ઞાન મેળવવા ઈચ્છતા યુવાનોને આનંદ આપે છે. તે પાયાના (Foundation), ઉચ્ચતર (Higher) અને ઉન્નત (Advanced) સ્તર પર ઉપલબ્ધ છે. હાલનાં તબક્કે તમામ ક્ષેત્રોમાં બધાં

જ ડિપ્લોમા વિષયો ઉપલબ્ધ નથી અને તમારાં તરુણો, તેમની શાળા કે કોલેજમાં કયો વિકલ્પ ઉપલબ્ધ છે તે ચકાસવું જોઈએ

- સફળતા માટે કામ-આધારિત માર્ગ પસંદ કરતાં યુવાનો માટે એપ્રેન્ટિસશીપનો વિસ્તાર કરે છે. એપ્રેન્ટિસશીપ યુવાનોને રોજગારમાં રહીને પણ લાયકાય કેળવવામાં મદદ કરે છે. કેટલાંક ક્ષેત્રોમાં, યુવાનો માટેની એપ્રેન્ટિસશીપ 14-16 વર્ષની વયના તરુણો માટે હોય છે
- સપ્ટેમ્બર ગેરંટી થકી 16 અને 17 વર્ષની વયના તમામ તરુણોને શિક્ષણમાં યોગ્ય સ્થાન અપાવવાની બાંયધરી આપે છે.

### વિકાસને ટેકો

બદલાવ એ વાતની ખાતરી આપે છે કે તમામ વિકલ્પો ક્યાંકને ક્યાંક દોરી જાય છે. યુવાનો પાછળથી જ્યારે તેઓ ઈચ્છે ત્યારે દિશા બદલી શકે છે, પરંતુ એક વાતની તપાસ કરવી જોઈએ કે તેમણે પસંદ કરેલ વિકલ્પ તેમનાં ભાવિ પસંદગીઓને નિયંત્રિત ન કરે.

### વધુ જાણો

આ માર્ગદર્શિકાની વિસ્તૃત, ઓનલાઈન આવૃત્તિ માટે જુઓ **www.connexions-direct.com/parentcarer** જ્યાં આ પુસ્તિકાની પીડીએફ અને ટેક્સ્ટ ઓન્લી આવૃત્તિ પણ તમે જોઈ શકો છો. આ ઉપરાંત **www.direct.gov.uk** ના ‘Parents’ (‘પેરેન્ટ્સ’) અને ‘Young people’ (‘યંગ પીપલ’) વિભાગ પણ જુઓ. જો તમારી પાસે ઘરે કોમ્પ્યુટર ન હોય તો, તમે તમારી સ્થાનિક લાયબ્રેરી કે Connexions સેન્ટર ખાતે ઈન્ટરનેટ જોઈ શકો છો.

## તમારાં બાળકોને સારી પસંદગી કરવામાં મદદ કરે છે

**સારી જાણકારી સફળ પસંદગીની ચાવી છે. તમારાં તરૂણો માટે તેઓ સફળ નીવડે તેવી પસંદગી કરવામાં મદદ કરવાનો અર્થ છે, તેમની પાસે કયા વિકલ્પો ઉપલબ્ધ છે અને તેમનાં સબળ પાસાં અને રૂચિ ક્યાં છે તે તેઓ જાણે છે તે તપાસવી.**

### વિકલ્પોની જાણકારી

પોસ્ટ-16 કરતાં મુખ્ય તબક્કા (કી સ્ટેજ) 4 પર ઓછાં વિકલ્પો ઉપલબ્ધ હોય છે કારણકે તે સમયે અમુક વિષયો ફરજિયાત હોય છે. ઉદાહરણ તરીકે, દરેક વ્યક્તિને અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન ભણવું પડે છે.

### તમે કેવી રીતે તમારાં તરૂણોને ટેકો આપી શકો

ઉપલબ્ધ અભ્યાસક્રમો અને લાયકાતો વિશે શક્ય હોય તેટલી જાણકારી મેળવવામાં તેમને મદદ કરો. તેમને નીચેના માટે પ્રોત્સાહન આપવું:

- શાળામાંથી તેમને મળતી માહિતી વાંચે– જો તેઓ મુખ્ય તબક્કા (કી સ્ટેજ) 4 માટે વિકલ્પો પસંદ કરી રહ્યા હોય તો, કયા વિષયો ફરજિયાત છે અને કયા વૈકલ્પિક છે તે તેઓ જાણે છે કે નહીં તેની તપાસ કરવા
- સ્થાનિક તકો વિશે વધુ જાણકારી મેળવવા માટે તેમનાં સ્થાનિક ઓનલાઈન 14-19 પ્રોસ્પેક્ટસનો ઉપયોગ કરે – તેઓ આ **www.direct.gov.uk/14-19prospectus** પરથી શોધી શકે છે
- તેમને રસ પડતાં વિકલ્પો વિશે મનમાં ઉદ્ભવતા દરેક પ્રશ્નો વિશે,તે વિકલ્પો કઈ દિશામાં દોરે છે, અને ઉપલબ્ધ નાણાંકીય સહાય વિશે યાદી બનાવે
- એવા લોકો સાથે વાત કરે છે જે જાણે છે કે તેમણે શું જાણવાની જરૂર છે – ઉદાહરણ તરીકે, પોતાના રસનાં વિષયો માટે દોડતાં કે તે વિકલ્પ પસંદ કરતાં લોકો, તેમનાં શિક્ષકો, કારકિર્દી સલાહકારો, અને Connexions પર્સનલ એડવાઈઝર
- કોર્સ ટેસ્ટર્સમાં સાઈન અપ કરે અને ક્યા વિકલ્પો સંકળાયેલા છે તે વિશે વધુ જાણવા માટે મુલાકાત લે

- એપ્લિકેશનની ડેડલાઈન તપાસે, ખાસ કરીને પોસ્ટ-16, માટે કારણકે પ્રખ્યાત વિકલ્પો ઝડપી ભરાઈ જતાં હોય છે.

વધુ સારી લાયકાતો વધુ સારી નોકરીની તકો, વધુ આવક અને વધુ કાર્યકારી સંતોષ આપે છે. લાયકાત વિનાનાં લોકો માટે નોકરીઓ બહુ ઝડપી ઓસરી જાય છે. જો તમારું તરુણ, પોસ્ટ 16 શું કરવું છે, તેમ નક્કી કરી રહ્યું હોય તો, ઉચ્ચ અભ્યાસ સહિત, આગળ જતાં પણ શિક્ષણ સાથે સંકળાયેલ હોય તેવો વિકલ્પ પસંદ કરવા તેમને પ્રોત્સાહન આપો. તેમને જણાવો કે તેમની પૂર્વભૂમિકાને કારણે તેમનાં માટે હજી પણ રસ્તાઓ બંધ નથી થયા અને મોટા ભાગના યુવાનો શાળા છોડ્યા બાદ પણ તેમનું શિક્ષણ કે તાલીમ ચાલુ રાખે છે.

### શક્તિઓ અને રૂચિઓ

તમારાં તરૂણને જો તેમની શક્તિઓ અને રૂચિઓ અનુસારનાં વિકલ્પો મળશે તો તે નિઃશંકપણે સફળતા પામશે.

### તેમની શક્તિઓ અન રૂચિઓ ઓળખવામાં તેમને મદદ કરો

તેમને પ્રોત્સાહિત કરો એ વાત કરવા માટે:

- તેમનાં સૌથી વધુ પસંદગીનાં અને અણગમતા કાર્યો વિશે
- તેમની ફુરસદની પ્રવૃત્તિ વિશે
- અલગ અલગ પ્રકારના વિષયો વિશે તેઓ શું વિચારે છે
- કસોટીઓ, પરીક્ષાઓ અને વ્યવહારુ પ્રોજેક્ટ્સ વિશે તેઓ કેવું વિચારે છે તે અંગે.

**હવે કેવી રીતે? (Which way now?)** માંની પ્રવૃત્તિઓ અંગે તમે તેમની સાથે કામ પણ કરી શકો છો જે મુખ્ય તબક્કા (કી સ્ટેજ) 4નાં વિકલ્પોને ધ્યાનમાં લે, અથવા **એ તમારી પસંદગી છે (It's your choice)**જે પોસ્ટ-16 પસંદગીઓને ધ્યાનમાં લે છે. જો તેઓ ઓનલાઈન કામ કરતી વખતે વધુ સારી રીતે વિચારતા હોય તો, **www.connexions-direct.com/whichwaynow** અને **www.connexions-direct.com/itsyourchoice** પર મેગેઝિનોનાં ઈન્ટરએક્ટિવ વર્ઝનનો ઉપયોગ કરવા માટે તેમને પ્રોત્સાહન આપો.

### હાલમાં તેઓ શું કરવા ઈચ્છે છે અને ભવિષ્ય અંગે તેઓ શું વિચારે છે તેની વચ્ચે કડી જોડવા માટે તેમને મદદ કરો

તેમની આશાઓ અને ભવિષ્યની કલ્પનાઓ તેમજ કામ અને અભ્યાસ માટે તેમનાં કોઈપણ વિચારો વિશે વાત કરવા માટે તેમને પ્રોત્સાહન આપો. તેમને ધીરજ આપો કે જો તેમની પાસે કોઈ સ્પષ્ટ આયોજન ન હોય તો કઈ વાંધો નથી. ભવિષ્યમાં પણ તેમને અઢળક તકો આપે તેવા વિકલ્પો પણ તેઓ પસંદ કરી શકે છે.

જો તેમણે કોઈ સ્થિર કારકિર્દી અંગે નક્કી કરી લીધુ હોય તો, તે દિશામાં જવા માટે તેમને ચોક્કસ અનુભવ, વિષયો, લાયકાતો અને ગ્રેડ્સ જોઈશે. **www.connexions-direct.com/jobs4u** પર **jobs4u** માં તેમની રૂચિ મુજબના કારકિર્દી વિકલ્પો પસંદ કરવામાં અને તેમનાં સ્થાનિક ઓનલાઇન 14-19 પ્રોસ્પેક્ટસમાં, પ્રવેશ માટેની જરૂરિયાતો ચકાસવા માટે તેમને પ્રોત્સાહન આપો.

### કોઈપણ પસંદ જેમાં તમને ચિંતા જેવું લાગતું હોય તે અંગે નરમાશથી વિરોધ કરો

ઉદાહરણ તરીકે, કોઈ વિકલ્પ અંગે તમે વિરોધ કરવા ઈચ્છતા હો કારણકે તમને લાગતું હોય કે તમારાં તરૂણે:

- પૂરતી શોધ ન કરી હોય
- કોઈ વિષયમાં પોતાની રૂચિ અને ક્ષમતાને વધુ કે ખાસ કરીને ઓછી આંકી હોય
- અભ્યાસક્રમ શીખવનાર વ્યક્તિથી, મિત્રોની કહેવાથી કે જૂથમાં એકલો છોકરો કે છોકરી હોવાના ભયથી ભારે પ્રભાવિત થયા હોય.

**તેમનાં નિર્ણયને ટેકો આપવો**
જો તમે તમારાં તરુણની પસંદગીથી ખુશ ન હોવ, તેને ભલાઇપણાથી સ્વીકારવાનો પ્રયત્ન કરો. તેમનાં નિર્ણયને એ તેમની પસંદગી છે તે માટે સ્વીકારી તેમને એ વાતની અનુભૂતિ કરાવો કે તમે તેમનાં માટે શ્રેષ્ઠ ઈચ્છો છો. જો પાછળથી તેમને અહેસાસ થાય કે તેમણે ખોટો નિર્ણય લીધો છે, તો તેના પરિણામનો સામનો કરવા માટે તેમને તમારાં ટેકાની જરૂર પડશે.

**બેક - અપ પ્લાન તૈયાર રાખવા માટે તેમને પ્રોત્સાહિત કરો**
અનેક વ્યવહારુ કારણસર તેઓ કરવા ઈચ્છે તેવું ઘણું બધુ તે ન પણ કરી શકે. બેક અપ પ્લાનથી તેમને એવું લાગશે કે જે થાય છે તેના પર હજી પણ તેમનો અંકુશ છે.

## તમારી મદદ કોણ કરી શકે છે?

મદદ માટે તમે વિષયના શિક્ષકો કે ફોર્મ ટ્યૂટર્સને પૂછી શકો છો. તમે નીચે આપેલ લોકો કે સંસ્થાઓનો પણ સંપર્ક કરી શકો છો. આ માર્ગદર્શિકાની પૂર્ણ આવૃત્તિમાંથી વધુ **www.connexions-direct.com/parentcarer** પરથી જાણો.

**તમારાં તરુણનાં Connexionsના અંગત સલાહકાર સાથે ચર્ચા કરો**
અંગત સલાહકાર અભ્યાસક્રમ, તાલીમ શક્યતાઓ, કારકિર્દી અને, તરુણો, તેમનાં માતાપિતા અને સંભાળકર્તાઓને મૂંઝવતા અન્ય મુદ્દાઓ વિશે જાણકારી, સલાહ અને માર્ગદર્શન આપે છે. તમારાં તરુણની શાળાએ કે સ્થાનિક Connexions કેન્દ્ર ખાતે તમે તેમનાં સલાહકાર સાથે મુલાકાત ગોઠવી શકો છો.

Connexions અંગત સલાહકાર અને સ્કૂલ ખાસ શૈક્ષણિક જરૂરિયાતો કો - ઓર્ડિનેટર (Special Educational Needs Co-ordinators (SENCO)) ખાસ આવશ્યકતાઓ કે વિકલાંગતા ધરાવતા તરુણોને ફેરફારના આયોજન સાથે અતિરિક્ત ટેકો આપે છે. 9, 10 અને 11મા વર્ષમાં, ખાસ શૈક્ષણિક જરૂરિયાતોના સ્ટેટમેન્ટના વાર્ષિક વિશ્લેષણની જરૂરિયાત સાથે, પુખ્ત વય માટે પણ ફેરફારનું આયોજન વિકસાવવું જરૂરી છે. તરુણોની રૂચિ અને ભવિષ્યમાં તેઓ શું કરવા ઈચ્છે છે તેની પર ભાર મૂકીને, તેમની સાથે, તેમનાં માતાપિતા અને સંભાળકર્તાઓ સાથે તમામ વિકલ્પોને ધ્યાનમાં લઈને તરુણોને ચર્ચાના કેન્દ્રમાં રાખીને આ ટ્રાન્સિઝન પ્લાન નક્કી કરવો જોઈએ. અન્ય વ્યવસાયિકો જે તરૂણના જીવનમાં સંકળાયેલા હોય તેઓ પણ ફાળો આપી શકે છે. એક વખત ટ્રાન્સિઝન પ્લાન ગોઠવાઈ જાય, Connexionsમાં અંગત સલાહકાર તરૂણની ચોક્કસ સહાય જરૂરિયાતના ઘડતર સહિત, તેને અમલમાં મૂકવામાં મદદ કરશે. 25 વર્ષની વય સુધી Connexions ટેકો આપી શકે છે.

**Connexions Direct નો ઉપયોગ કરો**
આ સેવા 13 થી 19 વર્ષના લોકો માટે છે જે ઝડપી માહિતી અને તરુણોને અસર કરતાં અનેક મુદ્દાઓ પર સલાહ પૂરી પાડે છે. વેબસાઈટ કે Connexions Direct એડવાઈઝર સાથે સંપર્કથી પ્રવેશ મેળવી શકાય છે. વેબસાઈટ **www.connexions-direct.com/jobs4u** કારકિર્દી ડેટાબેઝ **jobs4u** ધરાવે છે. Connexions Direct સલાહકારો યુવાનો માટે સવારે 8 વાગ્યાથી 2 વાગ્યા સુધી અઠવાડિયાના સાત દિવસ ટેલિફોનથી, લખાણથી કે ઈમેઈલ દ્વારા **www.connexions-direct.com** ઉપલબ્ધ છે

**www.direct.gov.uk પર Directgov નો ઉપયોગ કરો**
આ જાહેર સેવાઓ અંગેની જાણકારી માટેનો વન-સ્ટૉપ-શોપ છે. યુવાનોની પસંદગી, નાણાંકીય સહાય અને શિક્ષણ અને સ્રોતો પર મદદ માટે તમને જરૂરી જાણકારી શોધવા માટે ‘Parents’ (‘પેરેન્ટ્સ’) અને ‘Young people’ (‘યંગ પીપલ’) માં બ્રાઉઝ કરો.

**Parentline Plus** પર સંપર્ક કરો
માતાપિતાનું વ્યાવહારિક જ્ઞાન (Parent Know How) પ્રોગ્રામ અંતર્ગત સહાય મેળવનાર સેવાભાવી ક્ષેત્રની સંસ્થાઓમાંની એક **www.dcsf.gov.uk/parentknowhow** છે. તેઓ સંતાન ઉછેર સાથે સંલગ્ન કંઈપણ બાબત અંગે માતાપિતાને મફત સલાહ આપે છે. તમે **0808 800 2222** પર 24-કલાકની હેલ્પલાઈન પર ફોન કરી શકો છો અથવા **www.parentlineplus.org.uk** ની વેબસાઈટ પરથી જાણકારી અને સહાય મેળવી શકો છો.

Parentline Plus ઓનલાઈન સોશિયલ મિડિયા 'school gate' ('સ્કૂલ ગેટ') કોમ્યુનિટી પણ ચલાવે છે. વધુ જાણવા માટે **www.gotateenager.org.uk** પર જાઓ.

## મની મેટર્સ

**તમારાં તરુણોની ભાવિ સફળતા માટે શિક્ષણ મહત્વપૂર્ણ છે, અને પૈસાની ચિંતાથી તેઓ શિક્ષણથી દૂર ન રહેવા જોઈએ. જો તેઓ 16 વર્ષથી વધુ વયના હોય તો, તેઓ કોઈ નાણાંકીય મદદ મેળવી શકે છે. દાખલા તરીકે તેઓ નીચેનામાંથી મદદ મેળવી શકે છેઃ**

- રોજેરોજનો શિક્ષણ ખર્ચ – **શિક્ષણ નિભાવ ભથ્થા (EMA)** સરકાર દ્વારા ચાલતી સ્કીમ છે જે યોગ્યતા ધરાવતા યુવાનોને અઠવાડિયે મહત્તમ £30 સુધીનું ભથ્થું આપે છે જેથી તેઓ તેમનો શિક્ષણ ચાલુ રાખી શકે. તેમને મળતી રકમ તેમનાં હાઉસહોલ્ડ ઇન્કમમાં પર આધાર રાખે છે પરંતુ અન્ય હાઉસહોલ્ડ બેનિફિટને અસર કરતી નથી.
- બાળ સંભાળ – **શીખવાની સંભાળ (Care to Learn)** શીખનાર યુવાન માતાપિતાને તેમની શિક્ષણ દરમ્યાન બાળ સંભાળ માટે ફંડ પૂરું પાડે છે
- **વિકલાંગતા કે શીખવામાં તકલીફથી** ઉભી થતી ચોક્કસ જરૂરિયાતોની પૂર્તિ – માટે સહાયની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે. તમારાં તરુણનાં Connexions અંગત સલાહકાર તમારાં સંતાનને કઈ સહાય જોઈએ છે તે ઓળખવામાં મદદ કરી શકે છે
- ખાસ લાયકાત માટે અભ્યાસ – નૃત્ય અને નાટક જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં ખાસ લાયકાત મેળવવા ઈચ્છતા તરુણો માટે મર્યાદિત સંખ્યામાં **છાત્રવૃત્તિ અને અભ્યાસ પુરસ્કાર** ઉપલબ્ધ છે. તેનાથી તેમને રહેવાનો ખર્ચ અને ટ્યુશન ફી મળે છે જે સરકારી ફંડમાં આવરેલી નથી હોતી
- વધુ શિક્ષણનો ખર્ચ – ખૂબ નાણાંકીય ભીડમાં રહેલ પોસ્ટ-16 વિદ્યાર્થીઓ માટે શાળાઓ અને કોલેજો **વિવેકાધીન સપોર્ટ ફંડ** રાખે છે. સ્કૂલ અને કોલેજ વિદ્યાર્થી સહાય અધિકારીઓ (Student Support Officers) વધુ માહિતી પૂરી પાડી શકે છે
- ઉચ્ચતર અભ્યાસ – યુવાન વિદ્યાર્થીઓ **ગ્રાંટ અને રિપેયેબલ લોન્સ** ની મિશ્ર સહાય મેળવી શકે છે. તેમને મળતી રકમ સામાન્ય રીતે તેમની ઘરેલુ આવક પર આધાર રાખે છે.

**વધુ જાણો**
ઉપલબ્ધ નાણાંકીય સહાય અંગે વધુ જાણકારી માટે જુઓ **www.direct.gov.uk/moneytolearn** અને **www.direct.gov.uk/studentfinance**

## જ્યારે નિર્ણય લેવાઈ જાય પછી શું થશે?

**આગામી થોડા વર્ષોમાં, તમારાં તરુણને તેમનાં શિક્ષનના વ્યવસ્થપન માટે, વ્યક્તિગત સમસ્યાઓના નિરાકરણ માટે અને કારકિર્દીની પસંદગી માટે મદદની જરૂર પડશે.**

**શિક્ષણ વ્યવસ્થાપન**

તેઓ કોઈપણ વિકલ્પ પસંદ કરે, તરુણો માટે તેમનું શિક્ષણ, સંશોધન કરવું, કામને સમય મર્યાદામાં પૂરું કરવું અને તેનું અસરકારક પુનરાવર્તન કરવા માટે સંતુલન જાળવવું ખૂબ જરૂરી છે. આ સંતુલન જાળવવામાં તમે તરૂણો મદદ કરી શકો છો જો તમે જાણતા હો કે તેઓ કેમ સારી રીતે શીખી શકશે.

તમે ક્યારેય વિચાર્યું કે શા માટે તમારું તરુણ સંગીત સાંભળવા ઈચ્છે છે, મોટેથી બોલવા ઈચ્છે છે કે શીખતી વખતે આઘા પાછા થાય છે? તે તેમની શીખવાની રીત હોઈ શકે છે. દરેક વ્યક્તિ તેમને શીખવાડવા માટે દૃશ્ય, શ્રવણ અને સ્પર્શનો ઉપયોગ કરે છે. કેટલાંક લોકો એક જ ઈન્દ્રિયનો અન્ય લોકો કરતાં વધુ ઉપયોગ કરે છે અને તે તેમની શીખવાની સ્ટાઈલને અસર કરે છે.

| **દૃશ્ય ઈન્દ્રિય પર આધાર રાખતા શીખનારાઓ** | **જો આ તમારું તરુણ હોય, તો તેમને પ્રોત્સાહિત કરો** |
|---|---|
| • ખૂબ જ વિસ્તૃત નોંધો બનાવે<br>• વસ્તુઓ યાદ રાખવા તેમની આંખો બંધ કરે<br>• રંગીન પ્રેઝન્ટેશન્સ પસંદ કરે<br>• તેઓ કંટાળે ત્યારે તેઓ જોઈ શકે તેવું કંઈક શોધે | • કામ કરવા એક શાંત જગ્યા શોધો<br>• મહત્વના લખાણને હાઈલાઈટ કરવા માટે રંગોનો ઉપયોગ કરો<br>• નોંધ અને હેન્ડઆઉટ્સને ચાર્ટ, ડાયગ્રામ અને ચિત્રોમાં ફેરવી દો |
| **શ્રવણ ઈન્દ્રિય પર આધાર રાખતા શીખનારાઓ** | **જો આ તમારું તરુણ હોય, તો તેમને પ્રોત્સાહિત કરો** |
| • મોટેથી વાંચો અને તેમનાં શિક્ષણ વિશે વાત કરો<br>• બોલાયેલી સૂચનાઓ પસંદ કરો<br>• અન્ય લોકોને સમજાવવામાં આનંદ મેળવો<br>• જ્યારે કંટાળે ત્યારે ગણગણે કે પોતાની સાથે વાતો કરે | • તેમને ચર્ચામાં અને વાદ-વિવાદમાં ભાગ લેવા<br>• મોટેથી વાંચવા<br>• તેમની આંખો બંધ કરી વાતોને દોહરાવો<br>• વસ્તુઓને યાદ રાખવા સંગીત, જિંગલ્સ, કાવ્ય જોડકણાંનો ઉપયોગ કરો |
| **સ્પર્શની ઈન્દ્રિય પર આધાર રાખતા શીખનારાઓ** | **જો આ તમારું તરુણ હોય, તો તેમને પ્રોત્સાહિત કરો** |
| • કાર્યો કરીને શીખે છે<br>• અજંપો અનુભવે છે અને ખૂબ ચિતરામણ કરે છે<br>• સક્રિય થવાની અને નિયમિત વિરામ લેવાની જરૂર પડે<br>• પોતે કંટાળે ત્યારે અન્યનું ધ્યાન ભંગ કરે છે | • નવી વસ્તુઓ શીખવા માટે નવા પગલાં કે રોલ પ્લે માટે જુઓ<br>• કામ કરતી વખતે સંગીત સાંભળવા માટે<br>• અન્ય લોકો સાથે કામ કરવા માટે<br>• મહત્વના લખાણને હાઈલાઈટ કરવા માટે ચળકતા રંગોનો ઉપયોગ કરો |

**અંગત સમસ્યાનું નિરાકરણ**
કોઈક તબક્કે, મોટાભાગના તરુણો ચિંતામાંથી પસાર થાય છે જેનાથી જીવનના અન્ય પાસાંઓને સંભાળવું તેમનાં માટે મુશ્કેલ બની જાય છે. નીચેના દ્વારા તમે તેમને આ સમસ્યાઓ સામે લડવામાં મદદ કરી શકો છોઃ

- જેવી તમને સમસ્યા દેખાય કે તરત તેમને ટેકો આપવો – મોડેથી સામેલ થવું તેના કરતાં પહેલેથી તેનું નિરાકરણ કરવું તે હંમેશા સલાહભર્યું છે
- તેઓ જે કહેતા હોય તેને શાંતિથી સાંભળવું અને સમસ્યાને તેમનાં દૃષ્ટિકોણથી જોવી
- અન્યને સામેલ કરીને અને શાળા, કોલેજ, તાલીમ દાતા અથવા જો જરૂર લાગે તો Connexionsના અંગત સલાહકાર પાસેથી નિષ્ણાત સલાહ મેળવી – તેમની સાથે બેસીને જ સમસ્યાનું નિરાકરણ લાવવું
- તેમની સફળતા અને નવી સિદ્ધિઓને બિરદાવી તેમનાં આત્મવિશ્વાસમાં વધારો કરવો
- મળેલી તકો જેવી કે માર્ગદર્શન, કોચિંગ, કાર્ય અનુભવ, વૉલન્ટિયરીંગ, અને Duke of Edinburgh Award જેવી યોજનાઓનો શક્ય હોય તેટલો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા.

**શિક્ષણ અને કારકિર્દી માટે વધુ પસંદગીઓ કરવી**
17 અને 18 વર્ષની વયે, તમારાં તરુણોનાં વિકલ્પોમાં સમાવિષ્ટ છેઃ

- કોલેજ કે યુનિવર્સિટી ખાતે ઉચ્ચ સ્તરીય લાયકાત માટે અભ્યાસ – તેઓ ફુલ ટાઈમ કે પાર્ટ ટાઈમ અભ્યાસ કરી શકે છે અને વિષય આધારિત અભ્યાસક્રમ, કાર્ય આધારિત અભ્યાસક્રમ શીખી શકે છે જે ઉદ્યોગ સંબંધિત તેમનું જ્ઞાન વધારે છે, અથવા નોકરી-આધારિત અભ્યાસ ક્રમ શીખી શકે છે જે કોઈ ચોક્કસ કામ કરવા માટે સક્ષમ બનાવે છે
- એક વર્ષ વિરામ લેવો – મોટા ભાગનાં યુવાનો તેમની કારકિર્દીના આગળના તબક્કામાં જતાં પહેલાં એક વર્ષનો વિરામ લે છે અને તે સમય કામ કરવામાં કે મુસાફરી કરવામાં ગાળે છે
- એપ્રેન્ટિસશીપ માટે અરજી કરવી
- નોકરી શોધવી – આશાસહ તાલીમ વાળી
- પોતાનાં માટે કાર્ય કરવું – સ્વ-રોજગાર એક મુશ્કેલ વિકલ્પ છે માટે જો તમારો તરુણ તેમાં રસ ધરાવતો હોય તો, શક્ય હોય તેટલી જલ્દી નિષ્ણાત સલાહ લેવા માટે તેમને પ્રોત્સાહિત કરો.

નીચેના ત્રણ પ્રશ્નોના જવાબ આપવા માટે પ્રોત્સાહિત કરીને તમે તેમને આ પસંદગીઓમાંથી તેમનો રસ્તો શોધવામાં મદદ કરી શકો છોઃ

- હું અત્યારે ક્યાં છું?
- મારે ક્યાં હોવું જોઇએ?
- હું કેવી રીતે ત્યાં પહોંચીશ?

જેમ તેઓ પોતાના વિકલ્પો પર વિચારણા કરશે, તેમને યાદ કરાવો કે શિક્ષણ બદલો આપે છે. લાયકાત ધરાવતા અને લાયકાત ન ધરાવતા લોકોને મળતાં વેતનમાં ખૂબ મોટો તફાવત હોય છે. જો તેઓ પોતાનું કારકિર્દી ઓછા કૌશલ્યવાળી, તાલીમ વગરની ઓછા વેતનવાળી નોકરી સાથે કરશે, તો બહેતર દિશામાં આગળ વધવાનું તેમને માટે મુશ્કેલ થઈ શકે છે.

**અન્ય ફોર્મેટ્સ**
આ પ્રકાશન બ્રેઈલ અને ઓડિયો CDમાં ઉપલબ્ધ છે. મહેરબાની કરીને DCSF Publications **0845 602 2260** પર કોલ કરો: અથવા કોપી નોંધાવવા માટે **connexions@prolog.uk.com** પર ઈમેઈલ કરો.

**ભાષાંતર ઉપલબ્ધ છે**
**માતાપિતા અને સંભાળકર્તાઓ (Parents & Carers)** ઈન્સર્ટની ફક્ત લખાણ આવૃત્તિ અરેબિક, બંગાળી, ગુજરાતી, હિન્દી, મેન્ડેરીયન, ચાઈનીઝ, પોલીશ, પંજાબી, સોમાલી, ટર્કીશ, ઉર્દૂ અને વિએટનામીઝ ભાષામાં ઉપલબ્ધ છે જે આ વેબસાઈટ પરથી ડાઊનલોડ થઈ શકે છે:
**www.connexions-direct.com/parentcarer**

PDF અને માત્ર text  આવૃત્તિ ઓનલાઈન ઉપલબ્ધ છે:
**www.connexions-direct.com/parentcarer.** તમે લખાણને મોટું કરવા માટે તમે તમારાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરી શકશો.